# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા-3/૧૯-૨૦/૮૨૧-૪૫** તા.૦૬-૦૨-૨૦૨૦

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૪૫/ક્વા-3/૧૯-૨૦

અરજદાર: **શ્રી ખેતલિયા ચેરીટીઝ** ગામ: **કોઠી** **સબડીવીઝન** : આટકોટ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - જસદણ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદાર શ્રી ખેતલિયા ચેરીટીઝ ગામ -કોઠી, તેઓની અરજીના નોંધણી નં: ૪૫/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. – ૮૯૫૨૨/૦૦૨૩૦/૫ થી ઘરવપરાશ હેતુ માટેનુ વીજજોડાણ – આર.જી.પી.આર. કેટેગરી હેઠળ – જસવંતભાઈ નાનજીભાઈ શાહના નામે ધરાવે છે. અરજદાર વતી શ્રી ખેતલીયા ચેરીટીઝ ના સેક્રટરી – ભરતભાઈ દોશી, દર્શનાબેન દોશી અને હસમુખભાઈ શેઠ દ્વારા જણાવેલ કે સદર વીજજોડાણમાં માહે માર્ચ–૧૮ સુધી રૂ.૧,૬૨૪/– જમા હતા. ત્યારબાદ, કોઈ વીજવપરાશ કરાયેલ ન હોવા છતા – તા.૧૭–૦૪–૧૯ ના બીલમાં હાલના રીડીંગ અને પાછલા રીડીંગ સરખા ગણીને ૧૪૦ યુનીટ નો તફાવત બતાવેલ છે. તા.૦૮–૦૬–૧૯ ના બીલમાં ફીકસચાર્જ રૂ.૩૦/– ને બદલે રૂ.૬૦/– બતાવેલ છે. ત્યારબાદ, તા.૨૪–૦૯–૧૯ ના બીલ માં હાલના રીડીંગ અને પાછલા રીડીંગ સરખા ગણીને ૧૪૦ યુનીટ નો વીજવપરાશ બતાવેલ છે. આમ, અરજદારે તેઓનો વીજવપરાશ બંધ હોવા

છતા – મીટર રીડર દ્વારા – વીજ મીટર ના બીલ વાંચીને આપવામા આવતા ન હોય –વધુમાં સદર જગ્યાનો વીજવપરાશ – જુન માસ મા ફકત ૦૩ દિવસ માટે જ થાય છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જસદણ વિભાગીય કચેરી તાબા હેઠળની આટકોટ પેટા વિભાગીય કચેરી ના ગ્રાહકશ્રી જશવંતલાલ નાનજીભાઇ શાહ ગ્રાહક નંબર ૮૯૫૨૨/૦૦૨૩૦/૫, જેમને વીજ બીલ આપવામાં આવેલ જે વીજ બીલ માં વાંધો હોય અરજદાર શ્રી ખેતલીયા ચેરીટીઝ, શ્રી શ્રી ખેતલીયા દાદાનું મંદિર, વાયા સરધાર, પોસ્ટ કોઠી, તા- જસદણ, જી- રાજકોટ,પીન- ૩૬૦૦૨૫, ફોન- ૦૨૮૨૧-૨૬૧૦૯૦. દ્વારા CGRF માં તારીખ ૧૧/૧૨/૨૦૧૯ ના રોજ રજૂઆત કરેલ છે. સદર સિંગલ ફેઝ વીજ જોડાણ આટકોટ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા કોઠી ગામે ગ્રાહક નં . ૮૯૫૨૨/૦૦૨૩૦/૫ થી શ્રી જશવંતલાલ નાનજીભાઈ શાહ ના નામે આપવામાં આવેલ છે. જે વીજ જોડાણમાં એપ્રિલ -મે- ૨૦૧૫ થી ડિસેમ્બર- જાન્યુઆરી-૨૦૧૯ સુધી વપરાશ ન હોવાથી ગ્રાહકશ્રીને મીનીમમ વીજ બીલ આપવામાં આવેલ છે. જયારે એપ્રિલ-મેં-૨૦૧૯ ના બિલિંગ દરમ્યાન ૧૬૪૦ યુનિટ (૬૨૭૩ થી ૭૯૧૩ યુનિટ) નું રૂ. ૯૭૭૦.૧૦/- નું વીજ બીલ આપવામાં આવેલ છે. ત્યારબાદ જુન-જુલાઈ-૨૦૧૯ માં આટકોટ પેટા વિભાગીય કચેરીના મીટર રીડર દ્વારા ૩૭૦ યુનિટ (૭૯૧૩ થી ૮૨૮૩ યુનિટ) નું વીજ બીલ રૂ. ૨૧૪૦.૪૮/- તેમજ પાછલા બાકી વીજ બીલ ની રકમ રૂ. ૯૭૭૦.૧૦/- સાથે ટોટલ રૂ. ૧૧૦૫૯.૬૫/- નું વીજ બીલ આપવામાં આવેલ છે.

૨.૧ સદર ગ્રાહકશ્રી દ્વારા વીજ બીલ ના નાણાં ભરપાઈ ન કરતાં કંપનીના નિયમો અનુસાર તારીખ ૨૧/૧૨/૨૦૧૯ ના રોજ ગ્રાહકશ્રીનું વીજ જોડાણનું મીટર તેમજ સર્વિસ ઉતારી લીધેલ છે. ત્યારબાદ ઉપરોક્ત મીટર તારીખ ૩૧/૧૨/૨૦૧૯ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિ શ્રી ભનુભાઈ વી. મેવાડા ની હાજરીમાં ઉપરોક્ત ગ્રાહકશ્રીનું મીટર નંબર ૯૨૪૮૧૬ જે જસદણ મીટર ટેસ્ટિંગ લેબોરેટરીમાં મીટર નંબર ૯૨૪૮૧૬ તપાસણી કરેલ હતું. જેના રીપોર્ટ મુજબ મીટરમાં ૭૯૨૮ યુનીટ જોવા મળેલ છે. જેથી આટકોટ પેટા વિભાગીય કચેરી દ્વારા તફાવતના ૩૫૫ ( ૮૨૮૩- ૭૯૨૮ યુનિટ) યુનિટની રકમ રૂ.૨૦૪૬.૬૩ તારીખ ૦૨/૦૧/૨૦૨૦ ના રોજ ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવેલ છે. જે રકમ બાદ કરતા તફાવતની રકમ રૂ. ૯૦૭૩.૦૨/- તેમજ રી કનેક્શન ચાર્જ ની રકમ અને મીટર લગાડવાના ચાર્જની રકમ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ થયે ગ્રાહકને વીજ જોડાણને રી-કનેક્શન કરી આપવામાં આવશે.વધુમાં જણાવાવનું કે શ્રી જશવંતલાલ નાનજીભાઈ શાહને પત્ર નંબર એએસડી/રેવ/૧૩૩, તારીખ- ૦૯/૦૧/૨૦૨૦ થી લીગલ નોટિશ પણ આપવામાં આવેલ છે.

**૨.૨** ઉપરોક્ત બાબતે ગ્રાહકશ્રી જશવંતલાલ નાનજીભાઇ શાહ ગ્રાહક નંબર ૮૯૫૨૨/૦૦૨૩૦/૫ દ્વારા તારીખ ૨૧/૦૧/૨૦૨૦ ના રોજ બિલ ની રકમ અને રીકનેક્શન ની રકમ અને મી. ચાર્જ ની ટોટલ રકમ રૂ. ૯૫૦૦.૦૦ /- ભરપાઈ કરેલ છે. **તેમજ ગ્રાહક સાથે તારીખ ૨૨/૦૧/૨૦૨૦ ના રોજ સમાધાન થયેલ છે**.આમ અરજદાર દ્વારા CGRF માં કરેલ રજુઆત નું પીજીવીસીએલ પક્ષકાર તરફથી યોગ્ય નિરાકરણ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૩.૧ **પેરા નં ૧.0 અને** પેરા નં ૨.૨ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૨૨–૦૧–૨૦ થી રજુ કરાયેલ છે. આમ, ફોરમ કમિટી  કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૩.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |